ચોથો દિવસ: ભારત 720/9 ડિક્લેર - ઋષભ પંત 128, ધ્રુવ જુરેલ 78 - ન્યૂઝીલેન્ડ 119/2 - કોનવે 59*, બુમરાહ 1, કૃષ્ણા 1

ભારતના રેકોર્ડ 720 રન બાદ ન્યૂઝીલેન્ડ મુશ્કેલીમાં

352 રનની વિશાળ લીડ બાદ ભારતીય બોલરોએ લેથમ અને નિકોલ્સની મહત્વપૂર્ણ વિકેટ ઝડપી

ઇનિંગ્સની હાર ટાળવા ન્યૂઝીલેન્ડને હજુ 233 રનની જરૂર

સપાટ બનેલી પિચ પર પાંચમા દિવસે સવારે વધુમાં વધુ વિકેટો લેવાના પ્રયાસ કરશે ભારત





વેલિંગ્ટન, તા. 22 (પીટીઆઈ): ઋષભ પંતની ઐતિહાસિક નવમી ટેસ્ટ સદી અને વિક્રમી બેટિંગના જોરે ભારતે પ્રથમ ટેસ્ટના ચોથા દિવસે રવિવારે 9 વિકેટે 720 રન પર પ્રથમ ઈનિંગ્સ ડિકલેર કરી હતી. આ સ્કોર ન્યૂઝીલેન્ડની ધરતી પર કોઈ પણ ટીમનો સર્વોચ્ચ સ્કોર અને વિદેશમાં ભારતનો સર્વોચ્ચ ટેસ્ટ સ્કોર બન્યો છે.

પંતે 153 બોલમાં 128 રન ફટકારી તમામ SENA દેશોમાં (દક્ષિણ આફ્રિકા, ઈંગ્લેન્ડ, ન્યૂઝીલેન્ડ, ઓસ્ટ્રેલિયા) સદી નોંધાવનાર પ્રથમ એશિયન વિકેટકીપર અને છઠ્ઠા ભારતીય બેટ્સમેન બનવાનું ગૌરવ મેળવ્યું હતું. પંતે 10 ચોગ્ગા અને 6 છગ્ગા ફટકાર્યા હતા, જેમાં સીધા છગ્ગા સાથે સદી પૂરી કરી હતી. ધ્રુવ જુરેલે 78 રન અને અંશુલ કંબોજે 38 રનનું યોગદાન આપ્યું હતું. ટેસ્ટ ઈતિહાસમાં પ્રથમ વખત સતત સાત 50થી વધુ રનની ભાગીદારી નોંધાઈ હતી. 352 રનની વિશાળ લીડ બાદ બીજી ઈનિંગ્સમાં જસપ્રીત બુમરાહે કેપ્ટન ટોમ લેથમને (0) પર આઉટ કર્યો હતો.

ત્યારબાદ ડેવોન કોનવે અને હેનરી નિકોલ્સ (31) વચ્ચે 60 રનની ભાગીદારી થઈ હતી, પરંતુ પ્રસિદ્ધ કૃષ્ણાએ નિકોલ્સને શોર્ટ લેગમાં ધ્રુવ જુરેલના હાથે કેચ આઉટ કરાવી મહત્વની વિકેટ ઝડપી હતી. ચોથા દિવસની રમતના અંતે ન્યૂઝીલેન્ડે 2 વિકેટે 119 રન બનાવ્યા હતા અને ડેવોન કોનવે 59 રને રમતમાં હતો, જ્યારે ઈનિંગ્સની હાર ટાળવા યજમાન ટીમને હજુ 233 રનની જરૂર છે. ઉલ્લેખનીય છે કે બેસિન રિઝર્વની પિચ હવે સપાટ બની ગઈ હોવાથી પાંચમા દિવસે શરૂઆતની કલાકમાં ઝડપી વિકેટો ન મળે તો મેચ ડ્રો તરફ સરકી શકે છે.

ન્યૂઝીલેન્ડ પ્રથમ દાવ	368			
ભારત પ્રથમ ઈનિંગ	**રન**	**બોલ**	**4**	**6**
જયસ્વાલ કો બ્લન્ડેલ બો હેનરી	85	89	16	0
રાહુલ બો સ્મિથ	136	290	9	2
પડિક્કલ બો જેમિસન	80	175	10	0
ગિલ બો ડફી	98	146	9	2
પંત કો સ્મિથ બો રવિન્દ્ર રમતમાં	128	153	10	6
કંબોજ કો કોન્વે બો ફિલીપ્સ	38	42	6	1
જુરેલ સ્ટ. બ્લન્ડેલ બો ફિલીપ્સ	78	79	7	1
સુંદર કો એ બો રવિન્દ્ર	24	26	2	0
આકાશ કો લેથમ બો ફિલીપ્સ	13	5	0	2
બુમરાહ અણનમ	7	5	1	0
વધારાના	32			
કુલ 166 ઓવરમાં 9 વિકેટે	720 રન			

વિકેટ પતનઃ 1-130, 2-295, 3-386, 4-486, 5-554, 6-629, 7-683, 8-696, 9-720

બોલિંગ	O	M	R	W
મેટ હેનરી	33	7	94	1
કાયલે જેમિસન	31	6	88	1
જેકબ ડફી	33	1	201	1
નાથન સ્મિથ	29	4	84	1
ગ્લેન ફિલીપ્સ	24	0	154	3
રચિન રવિન્દ્ર	10	0	44	2
ડેરીલ મિચેલ	6	0	39	0

ન્યૂઝીલેન્ડ બીજો દાવ	રન	બોલ	4	6
લેથમ કો પંત બો બુમરાહ	0	2	0	0
કોનવે રમતમાં	59	137	6	0
નિકોલ્સ કો જુરેલ બો કૃષ્ણ	31	59	3	0
રવિન્દ્ર રમતમાં	27	72	3	0
વધારાના	2			
કુલ 45 ઓવરમાં 2 વિકેટે	119 રન			

વિકેટ પતનઃ 1-0, 2-60

બોલિંગ	O	M	R	W
જસપ્રીત બુમરાહ	9	1	33	1
આકાશ	10	2	25	0
અંશુલ કંબોજ	9	1	21	0
પ્રસિદ્ધ કૃષ્ણ	8	2	20	1
વોશિંગ્ટન સુંદર	8	2	16	0
દેવદત્ત પડીક્કલ	1	0	2	0

720 રન : ભારતે વિદેશી ધરતી પર પોતાનો સર્વોચ્ચ ટેસ્ટ સ્કોર નોંધાવ્યો

» ભારતે એક ઈનિંગમાં 9 વિકેટે 720 રન બનાવીને ન્યૂઝીલેન્ડની ધરતી પર કોઈ પણ ટીમનો સર્વોચ્ચ ટેસ્ટ સ્કોર નોંધાવ્યો છે. અગાઉ આ રેકોર્ડ ન્યૂઝીલેન્ડના (6 વિકેટે 715 રન, વિરુદ્ધ બાંગ્લાદેશ, હેમિલ્ટન, 2019) નામે હતો.

» ભારત ન્યૂઝીલેન્ડ સામે ટેસ્ટ ઇનિંગ્સમાં 700થી વધુ રન બનાવનાર પ્રથમ ટીમ બની છે. અગાઉ વેસ્ટ ઇન્ડિઝે 1995માં વેલિંગ્ટનમાં 5 વિકેટે 660 રન બનાવ્યા હતા.

» આ ભારતનો ટેસ્ટ ઇતિહાસમાં ત્રીજો સર્વોચ્ચ અને વિદેશી ધરતી પર સૌથી મોટો સ્કોર છે.

» ભારતના નામે ટેસ્ટમાં કુલ 5 વખત 700થી વધુ રનનો સ્કોર થયો છે, જે શ્રીલંકા (7 વખત) પછી બીજા ક્રમે છે.

» ટેસ્ટ ક્રિકેટના 148 વર્ષના ઇતિહાસમાં પ્રથમ વખત કોઈ ટીમની પ્રથમ સાતેય વિકેટ માટે 50થી વધુ રનની ભાગીદારી નોંધાઈ છે. એક જ ઇનિંગ્સમાં 7 કે તેથી વધુ વખત 50થી વધુ રનની ભાગીદારીનો આ એકંદરે ત્રીજો પ્રસંગ છે.

» ટેસ્ટ ક્રિકેટમાં પ્રથમ વખત એક જ ઇનિંગ્સમાં છ બેટ્સમેનોએ 70 કે તેથી વધુ રન બનાવ્યા છે. તેમાંથી ટોચના પાંચ બેટ્સમેનોએ 80થી વધુ રન બનાવ્યા છે.

» કે એલ રાહુલે એશિયા બહાર ઓપનર તરીકે 8મી ટેસ્ટ સદી ફટકારી છે. એશિયન ઓપનરોમાં માત્ર સુનીલ ગાવસ્કર (15 સદી) તેનાથી આગળ છે. રાહુલે 7 અલગ-અલગ દેશોમાં ટેસ્ટ સદી ફટકારીને અઝહરુદ્દીન, ગાંગુલી, સેહવાગ અને કોહલીની બરાબરી કરી છે.

» ભારતે આ ઇનિંગ્સમાં કુલ 14 છગ્ગા ફટકાર્યા, જે ન્યૂઝીલેન્ડની ધરતી પર કોઈ પણ ટીમનો સંયુક્ત રીતે સર્વોચ્ચ આંકડો છે. ગ્લેન ફિલિપ્સે 9 છગ્ગા ખાધા, જે ન્યૂઝીલેન્ડના કોઈ પણ બોલર દ્વારા એક ઇનિંગ્સમાં અપાયેલા સૌથી વધુ છગ્ગા છે.

» જેકબ ડફીએ 201 રન આપ્યા, જે ન્યૂઝીલેન્ડના બોલર દ્વારા એક ઇનિંગ્સમાં અપાયેલા બીજા સૌથી વધુ રન છે. ડફી ટેસ્ટની એક ઈનિંગમાં 6.09ના ઇકોનોમી રેટથી 200થી વધુ રન આપનાર વિશ્વનો બીજો બોલર બન્યો છે.

ટેસ્ટની એક ઈનિંગમાં ભારતનો સર્વોચ્ચ સ્કોર

સ્કોર	વિરોધી ટીમ	સ્થળ	વર્ષ
759/7 ડિક્લેર	ઈંગ્લેન્ડ	ચેન્નાઈ	2016
726/9 ડિક્લેર	શ્રીલંકા	બ્રેબોર્ન	2009
720/9 ડિક્લેર	ન્યૂઝીલેન્ડ	વેલિંગ્ટન	2026
707	શ્રીલંકા	કોલંબો	2010
705/7 ડિક્લેર	ઓસ્ટ્રેલિયા	સિડની	2004

ન્યૂઝીલેન્ડના બોલર દ્વારા એક ઇનિંગ્સમાં અપાયેલા સૌથી વધુ રન

આંકડા	બોલર	વિરોધી ટીમ	વર્ષ
1/229	સ્ટીફન બૂક	પાકિસ્તાન	1989
1/201	જેકબ ડફી	ભારત	2026
4/200	ડેનિયલ વેટોરી	ભારત	1999
0/181	મેથ્યુ હાર્ટ	વેસ્ટ ઇન્ડિઝ	1995
0/179	મર્ફી સુઆ	વેસ્ટ ઇન્ડિઝ	1995

ન્યૂઝીલેન્ડ સામે ભારતના સર્વોચ્ચ ટેસ્ટ સ્કોર

સ્કોર	સ્થળ	વર્ષ
720/9 ડિક્લેર	વેલિંગ્ટન	2026
583/7 ડિક્લેર	અમદાવાદ	1999
566/8 ડિક્લેર	નાગપુર	2010
557/5 ડિક્લેર	ઇન્દોર	2016
537/3 ડિક્લેર	ચેન્નાઈ	1956

ભારતીય ટીમ તરફથી એક ટેસ્ટ ઇનિંગ્સમાં સૌથી વધુ છગ્ગા

છગ્ગા	વિરોધી ટીમ	વર્ષ
18	ઈંગ્લેન્ડ	2024
15	શ્રીલંકા	2009
14	દક્ષિણ આફ્રિકા	2019
14	ન્યૂઝીલેન્ડ	2026

ટેસ્ટ ઇનિંગ્સમાં સૌથી વધુ 50થી વધુ રનની ભાગીદારી

ભાગીદારીની સંખ્યા	ટીમ અને ઇનિંગ્સ	વિરોધી ટીમ	વર્ષ
8	ભારત (પ્રથમ ઇનિંગ્સ)	ઈંગ્લેન્ડ	2007
7	ઓસ્ટ્રેલિયા (બીજી ઇનિંગ્સ)	ઈંગ્લેન્ડ	2025/26
7	ભારત (બીજી ઇનિંગ્સ)	ન્યૂઝીલેન્ડ	2026

ટેસ્ટ ક્રિકેટના ઇતિહાસમાં પ્રથમ વખત કોઈ ટીમે એક ઇનિંગ્સમાં પ્રથમ 7 વિકેટ પૈકી દરેક વિકેટ માટે 50 થી વધુ રનની ભાગીદારી નોંધાવી છે.

પંત SENA દેશોમાં સદી નોંધાવનાર પ્રથમ એશિયન વિકેટકીપર બન્યો

» પંતે 153 બોલમાં 128 રન ફટકારી તમામ SENA દેશોમાં (દક્ષિણ આફ્રિકા, ઈંગ્લેન્ડ, ન્યૂઝીલેન્ડ, ઓસ્ટ્રેલિયા) સદી નોંધાવનાર પ્રથમ એશિયન વિકેટકીપર બન્યો છે સાથે જ તે આ સિદ્ધી મેળવનાર છઠ્ઠો ભારતીય બેટ્સમેન બન્યો છે.

» ઋષભ પંતે 9મી ટેસ્ટ સદી ફટકારી છે, જે વિકેટકીપર તરીકે એડમ ગિલક્રિસ્ટ (17) અને એન્ડી ફ્લાવર (12) પછી ત્રીજા ક્રમે છે. પંતની 7 સદી વિદેશમાં આવી છે.

» પંતના નામે ટેસ્ટ ક્રિકેટમાં 108 છગ્ગા થયા છે. તેણે બ્રેન્ડન મેક્કુલમને (107) પાછળ છોડી દીધો છે અને હવે માત્ર બેન સ્ટોક્સથી (138) પાછળ છે.

» પંતે ચોથી વખત છગ્ગો ફટકારીને ટેસ્ટ સદી પૂરી કરી છે. તેણે કેન બેરિંગ્ટનની (4 વખત) બરાબરી કરી છે અને માત્ર સચિન તેંડુલકરથી (6 વખત) પાછળ છે.



કોઈ ખેલાડી દ્વારા ટેસ્ટ ક્રિકેટમાં સૌથી વધુ છગ્ગા

બેટ્સમેન	છગ્ગા	બોલ પ્રતિ છગ્ગો
બેન સ્ટોક્સ	138	90.05
ઋષભ પંત	108	47.93
બ્રેન્ડન મેક્કુલમ	107	93.39
એડમ ગિલક્રિસ્ટ	100	67.92
જેક કાલિસ	98	294.87
ક્રિસ ગેલ	98	122.11
ટિમ સાઉદી	98	27.70

તમામ SENA દેશોમાં ટેસ્ટ સદી ફટકારનાર ભારતીય બેટ્સમેનો

બેટ્સમેન
1. મોહમ્મદ અઝહરુદ્દીન
2. સચિન તેંડુલકર
3. રાહુલ દ્રવિડ
4. વિરાટ કોહલી
5. કે એલ રાહુલ
6. ઋષભ પંત

મેક્સ વર્સ્ટાપેને રોમાંચક લાસ વેગાસ ગ્રાં પ્રી જીતી

વર્સ્ટાપેનની આ ચાર વર્ષમાં ત્રીજી અને કારકિર્દીની 75મી F1 જીત

લાસ વેગાસ, તા. 22 (એપી): મેક્સ વર્સ્ટાપેને શનિવારે રાત્રે 35 વખત લીડ બદલાવા અને 352 ઓવરટેકથી ભરપૂર અત્યંત રોમાંચક લાસ વેગાસ ગ્રાં પ્રી જીતી લીધી છે. લાસ વેગાસ સ્ટ્રીપ પર ચાર વર્ષમાં વર્સ્ટાપેનની આ ત્રીજી અને F1 કારકિર્દીની 75મી જીત છે. મેકલેરેનના લેન્ડો નોરિસ બીજા અને ઓસ્કાર પિયાસ્ટ્રી ત્રીજા સ્થાને રહ્યા હતા, જ્યારે વર્તમાન ચેમ્પિયન કિમી એન્ટોનેલી ચોથા સ્થાને રહ્યો હતો. 50 લેપની આ રેસમાં જ્યોર્જ રસેલે શરૂઆતમાં વર્સ્ટાપેનને જોરદાર ટક્કર આપી હતી, પરંતુ અંતિમ ત્રણ લેપ બાકી હતા ત્યારે રસેલ બેરિયર સાથે અથડાતા નવમા સ્થાને સરકી ગયો હતો. વર્સ્ટાપેનની ટીમના સાથી ઈસાક હડજારની કારને 26મા લેપ પર નુકસાન થતા વર્સ્ટાપેને એકલા હાથે મોરચો સંભાળ્યો હતો.

મહિલા એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી: થાઈલેન્ડને હરાવી ભારત સેમીમાં

દીપિકાની શાનદાર હેટ્રિક, નવનીત કૌરના બે ગોલ, મુમતાઝ અને સુનેલિતા ટોપ્પોએ પણ 1-1 ગોલ ફટકાર્યો

ભોપાલ, તા. 22 (પીટીઆઈ): દીપિકાની શાનદાર હેટ્રિકની મદદથી ડિફેન્ડિંગ ચેમ્પિયન ભારતે વિમેન્સ એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી હોકીમાં રવિવારે થાઈલેન્ડને 7-0થી કચડીને સેમીફાઈનલમાં પ્રવેશ મેળવી લીધો છે. ટૂર્નામેન્ટમાં આ ભારતનો સતત ત્રીજો વિજય છે. મુખ્ય કોચ શોર્ડ મારિનના માર્ગદર્શન હેઠળ ભારતે શરૂઆતથી જ આક્રમક રમત દર્શાવી હતી. નવનીત કૌરે ચોથી મિનિટે પેનલ્ટી સ્ટ્રોક દ્વારા ખાતું ખોલાવ્યું હતું. ત્યારબાદ દીપિકાએ 10મી અને 11મી મિનિટે પેનલ્ટી કોર્નરને ગોલમાં ફેરવી સરસાઈ 3-0 કરી હતી. હાફ-ટાઈમ પહેલા મુમતાઝ ખાને 28મી મિનિટે ફિલ્ડ ગોલ ફટકાર્યો હતો. ત્રીજા ક્વાર્ટરમાં સુનેલિતા ટોપ્પોએ 32મી મિનિટે પેનલ્ટી કોર્નર દ્વારા પાંચમો ગોલ નોંધાવ્યો હતો. અંતિમ ક્વાર્ટરમાં 56મી મિનિટે દીપિકાએ હેટ્રિક પૂરી કરી અને નવનીતે બીજો પેનલ્ટી સ્ટ્રોક ફટકારી સ્કોર 7-0 કર્યો હતો.

સૈયદ મુશ્તાક અલી ટ્રોફી: બરોડાનો બંગાળ સામે વિજય, સૌરાષ્ટ્ર અને ગુજરાતની હાર

મુંબઈ-ઈન્દોર, તા. 22: સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં રવિવારે 22 નવેમ્બરે બરોડાએ બંગાળ સામે ચાર વિકેટે શાનદાર વિજય મેળવી ગ્રુપ-Aમાં 16 પોઈન્ટ અને 2.3ના નેટ રનરેટ સાથે ટોચનું સ્થાન મેળવ્યું છે. બંગાળે પ્રથમ બેટિંગ કરતા કેપ્ટન અભિમન્યુ ઈશ્વરનના 46 બોલમાં 78 રનની મદદથી 6 વિકેટે 172 રન બનાવ્યા હતા, આ મેચમાં કૃણાલ પંડ્યાએ 2 મહત્વની વિકેટ ઝડપી હતી. જવાબમાં બરોડાએ જીતેશ શર્માના 29 બોલમાં 54, શાશ્વત રાવતના 51 અને શિવાલિક શર્માના 16 બોલમાં આક્રમક 31 રનની મદદથી લક્ષ્યાંક પાર પાડ્યો હતો. અન્ય મુકાબલાઓમાં ગ્રુપ-Bમાં રેલવેએ 5 વિકેટે 182 રન બનાવ્યા બાદ સૌરાષ્ટ્રને 8 વિકેટે 153 રને રોકી 29 રને હરાવ્યું હતું. સૌરાષ્ટ્ર તરફથી હરવંશ પંગાલિયાએ અણનમ 80 રન બનાવ્યા, પરંતુ જમશેદ આલમની 5 વિકેટ સામે ટીમ હારી ગઈ હતી. જ્યારે ગ્રુપ-Dની 13-13 ઓવરની મેચમાં વિદર્ભે ગુજરાતને 7 વિકેટે 128 રને રોક્યા બાદ 12.5 ઓવરમાં 5 વિકેટે 131 રન બનાવી વિજય મેળવ્યો હતો.

એશિયા કપ રાઈઝિંગ સ્ટાર્સ : બેટ્સમેનોની નિષ્ફળતાથી ભારત પાકિસ્તાન સામે હાર્યું

હસન નવાઝ, માઝ સદાકત અને ફરહાન યુસુફની અડધી સદીની મદદથી પાકિસ્તાને 313 રન બનાવ્યાં

અભિષેકની અર્ધ સદી અને તિલકની સદી છતાં ભારત 265 રને ઓલ આઉટ થતાં પાકિસ્તાન 48 રને જીત્યું



દોહા, તા. 22 (પીટીઆઈ): એશિયા કપ રાઈઝિંગ સ્ટાર્સ ટૂર્નામેન્ટની ગ્રુપ B મેચમાં રવિવારે 22 નવેમ્બરે પાકિસ્તાન-A ટીમે ભારત-Aને 48 રનથી હરાવ્યું. પહેલા બેટિંગ કરતા પાકિસ્તાને 49.2 ઓવરમાં 313 રન બનાવ્યા હતા. જવાબમાં ભારત-A 49.1 ઓવરમાં 265 રનમાં ઓલઆઉટ થઈ ગયું.

ભારત-A તરફથી કેપ્ટન તિલક વર્માએ શાનદાર સદી ફટકારી, પરંતુ ટીમને જીત અપાવી શક્યો નહીં. તિલકે 149 બોલમાં સાત ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી 100 રન બનાવી છેલ્લા બેટ્સમેન તરીકે આઉટ થયો. લક્ષ્યનો પીછો કરતા ભારતની બેટિંગ નબળી રહી અને 129 રનમાં 6 વિકેટ પડી ગઈ. તિલક અને શાહબાઝ અહેમદે સાતમી વિકેટ માટે 112 રનની ભાગીદારી કરી અને બંનેએ અડધી સદી ફટકારી.

આ પહેલાં પાકિસ્તાને પહેલા બેટિંગ કરતા તેના ઓપનર માઝ સદાકત (59 રન, 63 બોલ) અને શમીલ હુસૈને (33 રન, 23 બોલ) માત્ર 7.5 ઓવરમાં 66 રનની ઝડપી શરૂઆત અપાવી હતી. જોકે, હર્ષિત રાણા સાથે ટૂંકી બોલાચાલી બાદ હુસૈન આયુષ બદોનીના બોલ પર રાણાના હાથે કેચ આઉટ થયો હતો. ત્યારબાદ રોહૈલ નઝીર આઉટ થતા પાકિસ્તાનની સ્થિતિ 2 વિકેટે 67 રન થઈ હતી.

આ મુશ્કેલ તબક્કે મધ્યમક્રમના બેટ્સમેન નવાઝે ઈનિંગ્સ સંભાળી હતી. તેણે સદાકત સાથે 54 રન અને કેપ્ટન અબ્દુલ સમદ સાથે 65 રનની ભાગીદારી કરી હતી. સદાકત અને નવાઝ બંનેને સૂર્યાંશ શેડગેએ (55 રનમાં 2 વિકેટ) આઉટ કર્યા હતા, જ્યારે સમદ રનઆઉટ થયો હતો. 5 વિકેટે 230 રન થયા બાદ ફરહાન યુસુફે 48 બોલમાં 56 રન ફટકારી પાકિસ્તાન-Aને 300 રનને પાર પહોંચાડ્યું હતું.

સુડોકુ ૬૬૮૩ 'કૃતિ'

૯			૫		૩			૪
૩					૯			
૭			૧	૮	૬	૫	૯	
	૭	૯			૪	૩		
		૨	૯	૩	૭			૧
					૫	૪	૭	૯
૧	૮		૩	૫			૪	
					૧		૮	
૨		૭					૩	૫

■ અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
■ દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
■ પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

આધાશીશી

શતાવરી ચૂર્ણ 50g લઈ તેમાં 25g જેઠીમધ ચૂર્ણ ભેળવીને ભરી રાખો. તેમાંથી એક એક ચમચી ચૂર્ણ પાણી સાથે, જમ્યા બાદ પીવું.

આજનું પંચાંગ

તા. 23/11/2026, સોમવાર

વિક્રમ સંવત : 2083 **શાકે :** 1948
વીર સંવત : 2553 **માસ :** કારતક
તિથિઃ સુદ તેરસઃ ચૌદસ 23:44-વૈકુઠ ચતુર્દશી
અયન : દક્ષિણાયન **ઋતુ :** હેમંત
રાષ્ટ્રિય દિનાંક : માગસર-02
યોગ : વરિયાન **કરણઃ** ગર
નક્ષત્ર : ભરણી: 26:03
રાશિઃ મેષ (અ.લ.ઈ.)
દિવસ : અશુભ
સુરતમાં સૂર્યોદય : 06:56 **સુરતમાં સૂર્યાસ્ત :** 17:55
નવકારસી : 07:44
પારસી વર્ષ : 1396, તીર માસનો 11મો રોજ
મુસલમાન વર્ષ :1448 જમાદીઉલ આખર માસનો 13મો રોજ
દિવસનાં ચોઘડિયાંઃ અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત
રાત્રિનાં ચોઘડિયાંઃ ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ
રાહુ કાળ : સાંજેઃ 7:30થી 9:00 સુધી

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

મેષ (અ,લ,ઇ,): હકારાત્મક પ્રગતિના અનુભવ દિવસ દરમિયાન થશે. નોકરીમાં નવી તક મળે. ધંધામાં આવક વધે. ઘરમાં તાલમેળ રહે.

વૃષભ (બ,વ,ઉ,): બહારના કામ માટે પ્રવાસમાં મિલન મુલાકાત થાય. ધર્મ કર્મથી શાંતિ મળે. ગુપ્ત શત્રુઓથી સાવધાન રહેવું. ખર્ચા વધશે.

મિથુન (ક,છ,ઘ,): શેર બજારમાં તક મળે. વિદ્યાર્થીઓને અનુકુળતા રહે. સંતાનોની ચિંતા સતાવે. જીવનસાથી સાથે સામાજીક કામ થાય.

કર્ક (ડ,હ,): વેપાર ધંધામાં આવક વધશે. નોકરીમાં નવા ફેરફારથી જવાબદારી વધે. સમાજ જીવનમાં માન વધે. આવક વધશે.

સિંહ (મ,ટ,): ધાર્મિક સાહિત્ય તિર્થયાત્રા વિદેશ પ્રવાસ કાયદા કાનુનને લગતા કામમાં પ્રગતિ થાય. જીવનસાથીનો સાથ મળે.

કન્યા (પ,ઠ,ણ,): વીમા એજન્સી વીલ-વારસાના કામમાં પ્રગતિ થાય. ગુપ્તભય સતાવે. વડીલોની મદદથી ઘરની સમસ્યા હલ થાય.

તુલા (ર,ત,): આવક વધે. ધંધામાં નવી યોજનામાં પરિવારનો સાથ મળે. વિવાહ લાયકના વિવાહ થઇ શકે છે.

વૃશ્ચિક (ન,ય,): સરકારી નોકરીયાતની જવાબદારી અને કાર્યબોજ વધશે. આરોગ્ય નરમ રહે. હરીયોથી સાવધાન રહેવું.

ધન (ભ,ધ,ફ,ઢ,): પ્રેમમાં સાથ મળે. આવક વધારવાની તક મળે. જીવનસાથી સાથે સામાજીક કામ થાય. મિત્રો સાથે મનોરંજન થાય.

મકર (ખ,જ,): નવા ઘરની યોજના બને. સામાજીક મેળાવડામાં જવાનું બને. બહારના કામની ચિંતા સતાવે. મન પર ભાર રહે.

કુંભ (ગ,સ,શ,ષ,): દલાલીના કામ થાય. શિક્ષણ, ટેકનોલોજી, સાહિત્ય, પ્રવાસઘ, ટ્યુશનને લગતા કામમાં ભાગ્યનો સાથ મળે.

મીન (દ,ચ,ઝ,થ,): ઉઘરાણી આવે. માર્કેટીંગ અને બૌદ્ધિક કમિમાં પ્રતિષ્ઠા મળે. ઘરમાં નવા મહેમાનનું આગમન થાય.

કોઈ પણ સાલમાં 23 નવેમ્બરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવુ વર્ષ ઉત્સાહજનક રહેશે. નવી નોકરીની તલાશ પૂર્ણ થાય. ચાલુ નોકરી-ધંધામાં નવા ફેરફારથી અનુકુળતાની સાથે જવાબદારી વધશે. આર્થિક બાબતે સામાન્ય રહે. સમાજમાં માન વધે. પરિવાર-કુટુંબની અપેક્ષાઓ કાર્યબોજ વધારશે. ઉઘરાણીની ચિંતા રહે. આરોગ્ય સામાન્ય રહે. નવા રોકાણ થઇ શકે છે. મિત્રો-વડીલોની મદદ આવક વધારવાની યોજનામાં મળે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં પ્રગતિથી બોજ હળવો થાય. વિદેશના કામ થાય. વિદ્યાર્થીઓને તક મળે. નવો ઘર, વાહત, મકાનની યોજના સફળ બને. ઉંમર લાયકના વિવાહ થાય. પ્રેમ વિવાહથી યોજનામાં મદદ મળે. સ્ત્રીવર્ગને નવી જવાબદારી સાથે સંતાનોની ચિંતા સતાવે છતાં ઉત્સાહજનક વર્ષ રહેશે. વારસા, જાયદાત, જમીન જેવા કામમાં પ્રગતિ થાય. સંતાનોનો અભ્યાસ-કેરીયરમાં પ્રગતિ થાય. ટેકનોલોજીની મદદ મળે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મ થાય. મે-જુન તથા ઓગસ્ટ, સપ્ટેમ્બરમાં બુધ-શુક્રવારે 05,14,23 તારીખે નવા કામ કરવા. લીલા રંગનો ઉપયોગ વધારવો. જુન-જુલાઇમા શનિવારે 07,16,25 તારીખે નવા કામ ટાળવા. લાલ, કાળા રંગનો ઉપયોગ ટાળવો. બુધવારના ઉપાય કરતા રહેવું.

શબ્દગુંફન - ૭૩૦૦

અરવિંદ એસ. મારૂ

૧		૨	■	૩	■	૪	૫	■	૬
■		■	૭		૮	■	૯		
૧૦		૧૧		■	૧૨			■	
	■		■	૧૩		■	૧૪	૧૫	
■	૧૬		૧૭		■	૧૮			■
૧૯		■		■	૨૦		■	૨૧	૨૨
	■	૨૩		૨૪		■	૨૫	■	
૨૬			■		■	૨૭			
	■	૨૮				■		■	■
■	૨૯		■		■	૩૦			

આડી ચાવી
૧. ભૂખ્યું (૩)
૪. દોલત (૨)
૭. લોટો (૩)
૯. ફળરૂપ (૩)
૧૦. સત્યાનાશ (૪)
૧૨. રમવું તે (૩)
૧૩. પવન (૩)
૧૪. મોજુદ, પ્રત્યક્ષ (૩)
૧૬. સિંહ (૪)
૧૮. સીધું, મુશ્કેલી વિનાનું (૩)
૧૯. યુક્તિ, આંટો (૨)
૨૦. વિલંબ (૨)
૨૧. શ્વાસ (૨)
૨૩. ઘૂમટો (૪)
૨૬. શોધ (૩)
૨૭. કજિયો (૪)
૨૮. ધીરજ (૪)
૨૯. કાણું (૨)
૩૦. પુષ્કળ (૪)

ઊભી ચાવી
૨. ફિટકાર (૩)
૩. પાણી, નીર (૨)
૫. ઉદ્ધાર કરનાર (૫)
૬. પાણીનું પ્રાણી (૪)
૭. ઉકેલ (૨)
૮. કરાર, હોડ (૩)
૧૦. પૃથ્વી, ધરતી (૨)
૧૧. કલંક (૩)
૧૩. ત્રાસ (૨)
૧૫. ઉગ્ર, આકરું (૩)
૧૬. લાગ, આંટો (૨)
૧૮. સરોવર (૨)
૧૯. બદલો, વટાવ (૪)
૨૦. પ્રતીક્ષા (૨)
૨૨. સહાય (૩)
૨૩. ચંદ્ર (૪)
૨૪. ગણેશ, ગજાનન (૪)
૨૫. લક્ષાધિપતિ (૪)